

# હિમાચલમાં હિમવર્ષા : કાતિલ ઠંડી

## હિમાચલ પહોંચેલા પ્રવાસીઓમાં રોમાંચ : ખુબસુરતી વધી : જમ્મુ કાશ્મીરમાં તમામ જગ્યાઓએ તાપમાનમાં ઘટાડો : કારગીલમાં માઈનસ ૧૨.૮ ડિગ્રી

શિમલા,તા.૧૮

હિમાચલ પ્રદેશના પાટનગર શિમલામાં આજે સવારે ફરી એકવાર ભારે હિમવર્ષા થઈ હતી જેના કારણે પારો નીચે ગગડી ગયો છે. ભારે હિમવર્ષાના કારણે ચારે બાજુ બરફની ચાદર છવાઈ ગઈ છે અને પ્રવાસીઓ પણ ઉમટી ગયા છે. હવામાન વિભાગના અધિકારીઓએ માહિતી આપતા કહ્યું છે કે શિમલા અને તેની આસપાસના વિસ્તારોમાં વહેલી સવારથી જ ભારે હિમવર્ષા થઈ રહી છે. કુફરી અને નારકંડા જેવા વિસ્તારોમાં પણ ભારે હિમવર્ષા થઈ રહી છે જેથી આ સ્થળ વધારે ખૂબસુરત બની ગયા છે. કોમર્શિયલ સેન્ટરો તરીકે ગણાતા માલરોડ, ઐતિહાસિક રિઝ, યુએસ કલબ અને જખુ હિલ્સમાં પણ હિમવર્ષા થઈ છે. લોકો કાતિલ ઠંડીનો અનુભવ કરી રહ્યા છે. લાહોલ અને સ્પીટી, ચંબા, મંડી, કુલ્લુ, શિમલા જિલ્લાના અન્ય ભાગોમાં ભારે હિમવર્ષા થઈ છે. હિમાચલ પ્રદેશ માર્ગ પરિવહન નિગમના અધિકારીઓએ કહ્યું છે કે રામપુર શહેર અને કિન્નર જિલ્લા માટે શિમલાથી રવાના થતી બસોના રૂટ બદલવામાં આવ્યા છે.

આ બસ હવે ધામી અને વસંતપુર મારફતે રવાના થઈ છે. આવતીકાલે પણ ભારે હિમવર્ષા અને વરસાદ થવાની વાત કરવામાં આવી છે. બીજી બાજુ ઉત્તર ભારતના અન્ય ભાગોમાં પણ લોકો કાતિલ ઠંડીનો અનુભવ કરી રહ્યા છે. ઘણા વિસ્તારોમાં તાપમાન ૧ થી ૫ ડિગ્રી વચ્ચે નોંધાયું છે. રાજસ્થાન, પંજાબ, દિલ્હી, હરિયાણા, ઉત્તર પ્રદેશ અને જમ્મુ કાશ્મીરના જુદા જુદા

● અનુસંધાન પાના - ૭ પર


આપણું પોતાનું અખબાર

'સ્વ'નો વિચાર 'સર્વ' સુધી વિસ્તરે એ મનુષ્યત્વથી દેવત્વ તરફની યાત્રા છે
- તુષાર શુક્લ

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૩૦૮ | ૧૯ જાન્યુઆરી, ૨૦૧૪, રવિવાર; પોષ વદ - ૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


NEWS બિટ્સ

### દવાના ઓવરડોઝથી સુનંદાનું મોત થયું હોવાની આશંકા

કેન્દ્રિય મંત્રી શશી થરુરના



પત્નિ સુનંદા પુષ્કરનું દિલ્હીની એક હોટલમાં રહસ્યમય મોત થયું હતું. તેમના મોત અંગે જાતજાતની વાતો વહેતી થઈ છે. સુત્રોમાંથી પ્રાપ્ત વિગતો અનુસાર સુનંદાને કોઈ બિમારી હતી જેની દવા ચાલતી હતી.આથી દવાના ઓવરડોઝના કારણે તેમનું મૃત્યુ થયું હોવાનો પ્રાથમિક અહેવાલ છે.

### કેજરીવાલ ત્રણ બેડરૂમના મકાનમાં રહેવા જશે

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલના હાઈ ફાઈ સરકારી મકાન બાબતે હોબાળો થયા બાદ તેઓએ બીજા મકાનની માંગણી કરી હતી. તેમની માંગણી અનુસાર



તેઓને નાનું મકાન ફાળવી અપાયું છે. દિલ્હીના મુખ્યમંત્રી કેજરીવાલ ત્રણ બેડરૂમવાળા મકાનમાં રહેવા જશે.

### ૫ થી ૨૧ ફેબ્રુઆરી સુધી સંસદનું સત્ર

લોકસભાની આગામી ચૂંટણીની તૈયારીમાં વ્યસ્ત બનેલી યુપીએ સરકારે અનેક મહત્વના ખરડા પસાર કરવા માટે ૫ થી ૨૧ ફેબ્રુઆરી સુધી સંસદનું સત્ર બોલાવ્યું છે. વર્તમાન લોકસભાનું આ અંતિમ સત્ર હશે.

# ગાંધીનગરમાં મોસમની સૌથી વધુ ઠંડી

## ગાંધીનગરમાં કડકડટી ટાઢ : વસાહતીઓ ઠંડીમાં ઠુંઠવાયા : જનજીવન અસ્તવ્યસ્ત બન્યું

ગાંધીનગર, તા. ૧૮

ઉત્તરાયણ બાદ શરૂ થયેલો ઠંડીનો નવો સ્પેલ ખુબ જ આક્રમક રહ્યો છે. શનિવારની રાત્રે ઠંડા પવનોના કારણે લઘુત્તમ તાપમાન ૬.૫ ડિ.સે. પહોંચી ગયું હતું. જે અત્યાર સુધીનું મોસમનું સૌથી ઓછુ તાપમાન છે.

છેલ્લા ત્રણ-ચાર દિવસથી ગાંધીનગરમાં ઠંડી વધી રહી છે. પવનની ગતિ પણ થોડીક રહેતા ઠંડીનો અનુભવી વધુ થાય છે. ગઈકાલે આખો દિવસ ઠંડકનો અનુભવ થતો હતો. પરંતુ સુર્યાસ્ત થતા જ ઠંડી એકાએક જ વધવા લાગી હતી અને લઘુત્તમ તાપમાન ૬.૫ ડિ.સે. સુધી




પહોંચી ગયું હતું. ઠંડી વધતા રાત્રે આઠ વાગ્યાની આસપાસ તો માર્ગો પર અવરજવર સાવ ઘટી ગઈ હતી. દસ વાગે તો શહેર જાણે સુમસામ લાગતુ હતુ. વસાહતીઓ ઘરમાં પુરાઈને રજાઈમાં ઢબુરાઈ ગયા હતા. કેટલાક વસાહતીઓએ ઠંડી ઉડાડવા માટે સગડી અને હીટરનો સહારો લીધો હતો. ઝુંપડપટ્ટીમાં રહેતા લોકોએ તાપણા શળગાવી ઠંડી ઉડાડવાનો પ્રયાસ કર્યો હતો. રાત્રે ઠંડીનું પ્રમાણ વધતા રાત્રે બે-ત્રણ ધાબળા રજાઈ ઓઢવા પડ્યા હતા.

આકરી ઠંડીના કારણે વહેલી સવારે શાળાએ જતા બાળકો હેરાન થયા હતા. બે-ત્રણ ગરમ વસ્ત્રો પહેર્યા હોવા છતાં ઠંડા પવનના સુસવાટાથી બાળકો પરેશાન થઈ ગયા હતા. નાના બાળકોની હાલત વધુ કફોડી બની હતી. ગાંધીનગરમાં આ મોસમમાં ૭ ડિગ્રી સુધી ઠંડી નોંધાઈ હતી. ડિસેમ્બર માસમાં ત્રણ-ચાર વખત પારો ગગડ્યો હતો પરંતુ ૭ ડિગ્રીથી નીચે ઉતર્યો ન હતો. ગઈકાલે રાત્રે આ સિઝનમાં પહેલીવાર લઘુત્તમ તાપમાન ૬.૫ ડિ.સે. સુધી પહોંચી જતા વસાહતીઓ કડકડટી ટાઢમાં રીતસર ઠુંઠવાયા હતા.

### ક્યાં કેટલું તાપમાન

| શહેર | ડિગ્રી |
|---|---|
| અમદાવાદ | ૭.૬ |
| ડિસા | ૭.૮ |
| ગાંધીનગર | ૬.૫ |
| વડોદરા | ૧૦.૬ |
| અમરેલી | ૮.૬ |
| ભાવનગર | ૧૦.૧ |
| રાજકોટ | ૯.૫ |
| પોરબંદર | ૧૨.૪ |
| દીવ | ૯.૫ |
| સુરેન્દ્રનગર | ૧૧ |
| મહુવા | ૮.૭ |
| નલિયા | ૫.૪ |
| ભૂજ | ૧૨.૨ |

# બારકોડેડ રેશનકાર્ડમાં થમ્બ મેપીંગ નહિ થતા હોવાની વ્યાપક ફરિયાદો

ગાંધીનગર, તા. ૧૮

નવા બારકોડેડ રેશનકાર્ડમાં ગ્રાહકોના અંગુઠા મેપીંગ નહિ થતા હોવાની વ્યાપક બનેલી ફરિયાદનો પડઘો આજે જિલ્લા સંકલન સમિતિની બેઠકમાં પડ્યો હતો.

ધારાસભ્યશ્રી અમીત ચૌધરીએ આ મુદ્દો રજુ કરતાં જણાવ્યું હતું કે હજુ જિલ્લાના બધા ગામોમાં આ અંગેની સુવિધા ઉપલબ્ધ બની નથી. તેમજ અંગુઠાનું મેપીંગ ના થતાં ગ્રાહકોની પરેશાની વધી રહી છે. આ બાબતે બીજા વિકલ્પો પર તાકીદે વિચારણા હાથ ધરવી જોઈએ.

જિલ્લા કલેક્ટરશ્રી ડૉ. સ્વરૂપે આ અંગે સ્પષ્ટતા કરતાં જણાવ્યું હતું કે મેપીંગ માટેના મશીનો ઝડપથી પુરા કરી દેવામાં આવશે. આ માટેની કાર્યવાહી વિભાગ દ્વારા ચાલી રહી છે. આ ઉપરાંત કુટુંબના એક સભ્યને બદલે પરિવારના અન્ય સભ્યોના અંગુઠાના નિશાન પણ મેળવવામાં આવશે જેથી કોઈ તકલીફ થાય નહિ.

ગાંધીનગર જિલ્લા કલેકટર શ્રી પી. સ્વરૂપના અધ્યક્ષસ્થાને આજરોજ સંકલન અને ફરિયાદ સમીતીની બેઠક યોજાઈ હતી. આ

● અનુસંધાન પાના - ૭ પર

# જિલ્લા પંચાયત ઉપપ્રમુખની ૧૧મીએ ચૂંટણી

## ૧૧મી ફેબ્રુઆરીએ ખાસ સામાન્ય સભામાં ઉપપ્રમુખની ચૂંટણીનો જ મુદ્દો હાથ ધરાશે

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર જિલ્લા પંચાયતના ઉપપ્રમુખપદ માટે આગામી ૧૧મી ફેબ્રુઆરીએ ચૂંટણી પ્રક્રિયા હાથ ધરવાના આદેશ વિકાસ કમિશ્નરશ્રીએ કરતાં હવે આ અંગે ખાસ સામાન્ય સભા બોલાવવામાં આવશે.

ગાંધીનગર જિલ્લા પંચાયતની ખાસ સામાન્યસભા પંચાયતના પ્રમુખ શ્રીમતિ હીનાબેન પટેલના અધ્યક્ષપદે મળશે. જેમાં માત્ર ને માત્ર ઉપપ્રમુખની ચૂંટણી યોજવામાં આવશે. જિલ્લા પંચાયતના સભ્યોની સંખ્યા ૨૭ છે જેમાં ૧૯ સભ્યો કોંગ્રેસના અને ૮ સભ્યો ભાજપના છે.

જિલ્લા પંચાયતના ઉપપ્રમુખપદેથી શ્રીમતિ ભીખીબેન ઠાકોરે રાજીનામુ આપ્યું હતું જે ગત સામાન્ય સભાએ મંજૂર કરતાં આ પદ ખાલી પડ્યું હતું. હવે ૧૧મી ફેબ્રુઆરીએ આ અંગેની ચૂંટણી યોજવાનું મુકરર થતાં આ અંગેની તૈયારીઓ પંચાયતમાં હાથ ધરાઈ છે.

શ્રીમતિ ભીખીબેન ઠાકોરના રાજીનામાને કારણે ખાલી પડેલી આ

● અનુસંધાન પાના - ૭ પર


ગુજરાત સરકારમાં નોકરી મેળવો..!

ધો. 12 પાસ થી ગ્રેજ્યુએટ ઉમેદવારો માટે સોનેરી તક

વર્ષ 2014 માં 36000+ થી વધુ (વર્ગ 1/2/3)ની ભરતી!

90% થી વધુ પ્રશ્નો પૂછાવાની ગેરંટી પૂર્વકનું શિક્ષણ

20 વર્ષથી સ્પર્ધાત્મક પરિક્ષાઓની તૈયારી કરાવતી સંસ્થા...

કોર્ષની વિશેષતાઓ

વર્ગ 1/2ની (પ્રિલિમ માટે જ) Dy.S.P. / DC / મામલતદાર / TDO
- પરીક્ષા સુધીનો કોર્ષ (મહત્તમ ૬ માસ)
- Ph.D. કક્ષાના પ્રાધ્યાપકો દ્વારા શિક્ષણ
- તમામ વિષય, ટોપિક્સનું વિસ્તૃત શિક્ષણ
- હેતુલક્ષી પ્રશ્નો દ્વારા સફળ પરીક્ષ
- અંગ્રેજી / ગણિત વિષય પર વિશેષ ધ્યાન
- વર્ષ 2006-07 માં 98.2 (P/M/I) પરીણામ

વર્ગ-3 માં તલાટી / કલાર્ક / PSI / કોન્સ્ટેબલ
- પરીક્ષા સુધીનો કોર્ષ (મહત્તમ ૫ માસ)
- ગુજરાતી, અંગ્રેજી, ગણિત, બુદ્ધિ ચાતુર્ય કસોટી, GS, કોમ્પ્યુટરનું સંપૂર્ણ જ્ઞાન
- વર્ણનાત્મક, હેતુલક્ષી પ્રશ્નો દ્વારા સફળ પરીક્ષણ
- અંગ્રેજી, ગણિત વિષય પર વિશેષ ધ્યાન
- PSI/કોન્સ્ટેબલ માટે કાયદા નું વિશેષ શિક્ષણ

સંપૂર્ણ સાહિત્ય ફ્રી સાથેનો કોર્ષ

ENGLISH : Dr. U. Pandit (Ph.D.)
GUJARATI : Dr. N. Rana (Ph.D.) / N. Gajjar (M.Phil)
MATHS/REASONING : Mr. C. Prajapati / Mr. M. Patel
GS (સામાન્ય જ્ઞાન) : Mr. Mukesh Patel (CMD)
અન્ય પુનરાવર્તન માટે સહાયકો (ટેસ્ટ પરીક્ષણ માટે ખાસ) : Dr. B. Patel (Ph.D.), Mr. A. Patel (M.Pharm), Mr. G. Prajapati (M.Phil)

20 વર્ષથી સ્પર્ધાત્મક પરિક્ષાઓની તૈયારી કરાવતી સંસ્થા

તા. 15-1-2014 થી નીચેની ફી લાગુ પડશે

વર્ગ (1/2) Dy.S.P. / DC / મામલતદાર / TDO — ફી ₹ 41,000/-

| ગાંધીનગર શાખા માટે: બેચ શરૂ થવાની તારીખ | બેચનો સમય | ભણવાના દિવસ | મહેસાણા શાખા માટે: બેચ શરૂ થવાની તારીખ | બેચનો સમય | ભણવાના દિવસ |
|---|---|---|---|---|---|
| 18.1.2014 | બપોરના 3-00 થી 6-00 | શનિ / રવિ | 19.1.2014 | સાંજના 6-00 થી 9-00 | શનિ / રવિ |
| 23.1.2014 | સવારના 6-30 થી 8-00 | સોમ થી ગુરૂ | 15.2.2014 | સવારના 6-30 થી 8-00 | શનિ થી મંગળ |
| 13.2.2014 | સાંજના 7-00 થી 8-30 | સોમ થી ગુરૂ | | | |

PSI ગાંધીનગર માટે ફક્ત — ફી માત્ર ₹ 36,000/-

| બેચ શરૂ થવાની તારીખ | બેચનો સમય | ભણવાના દિવસ |
|---|---|---|
| 23.1.2014 | સાંજના 4-45 થી 6-45 | સોમ થી શુક્ર |

વર્ગ-3 (માસ્ટર કોર્ષ) તલાટી / કલાર્ક / કોન્સ્ટેબલ — ફી ₹ 28,000/-

| મહેસાણા શાખા માટે: બેચ શરૂ થવાની તારીખ | બેચનો સમય | ભણવાના દિવસ | ગાંધીનગર શાખા માટે: બેચ શરૂ થવાની તારીખ | બેચનો સમય | ભણવાના દિવસ |
|---|---|---|---|---|---|
| 21.1.2014 | બપોરના 2-00 થી 4-00 | સોમ થી મંગળ | 20.1.2014 | બપોરના 1-30 થી 3-00 | સોમ થી શુક્ર |
| 11.2.2014 | સાંજના 4-00 થી 6-00 | શનિ થી મંગળ | 09.2.2014 | સાંજના 6-00 થી 9-00 | શનિ / રવિ |

TCCI EDUCATION PVT. LTD.
૧૯ વર્ષથી નોકરી અંગેની ભરતી પરીક્ષાઓની તૈયારી કરાવતી સંસ્થા....

ગાંધીનગર - 9537614606, 9537546886
પ્લોટ 328/2, પ્રથમ માળ, ઘ-2 થી ચ-2ની વચ્ચે, દેના ગુજરાત ગ્રામીણ બેંક પાસે, સેકટર-7/A.
સંપર્ક : સોમ થી શનિ (સવારના 9.30 થી 4.30)

મહેસાણા - 9537614607
પ્રથમ માળ, ચિરાગ પ્લાઝા, આર્યન વર્લ્ડ વાઈડની બાજુમાં, માનવ આશ્રમ ચોકડી, વિસનગર રોડ.
સંપર્ક : સોમ [redacted] શનિ (સવારના 9-30 થી [redacted]



R WORLD BIG Cinemas

NOW SHOWING

R World BIG Cinemas, Ahmedabad-Mehsana Highway, Adalaj
Karle Pyaar Karle (A) - 11.00 am, 1.15, 4.15, 7.15 & 10.15 pm
The Legend Of Hercules (Hindi) (U/A) - 11.15 am, 1.30, 4.30, 7.30 & 10.30 pm
Yaariyan (U/A) - 12.45, 3.45, 6.45 & 9.45 pm
*schedule subject to change

telebooking 09377458281/09377458431
www.bigcinemas.com
facebook.com/BigCinemasIndia



ધો-12 પાસ તથા ગ્રેજ્યુએટ વ્યક્તિઓ માટે

ગુજરાત સરકારમાં તલાટી ની નોકરી પ્રાપ્ત કરવા

બેચનો પ્રારંભ : તા.19-1-2014, રવિવારથી

"મિશન તલાટી ફાસ્ટ ટ્રેક બેચ"

- ★ સોમ થી શનિ દરરોજ 4 કલાકનું અસરકારક શિક્ષણ
- ★ ગણિત - અંગ્રેજી - રીઝનીંગનું પાયાથી જ શિક્ષણ
- ★ ગુજરાતી વ્યાકરણ તથા સાહિત્યનું સરળતાથી યાદ રહી જાય તેવું શિક્ષણ
- ★ જી.કે.માં પરિક્ષામાં પૂછાવવાની સંભાવના વાળા પ્રશ્નોની તૈયારી
- ★ તમામ વિષયની એક્સપર્ટ ફેકલ્ટીઝ દ્વારા શિક્ષણ
- ★ દરરોજ લેવાતી ટેસ્ટ દ્વારા સતત સ્વમૂલ્યાંકન
- ★ પરિક્ષાના અગાઉના દિવસ સુધી સતત માર્ગદર્શન

સંસ્થાએ પોતે તૈયાર કરેલ શ્રેષ્ઠ ગુણવત્તાનું સંપૂર્ણ મટીરીયલ

શિક્ષણ જગતમાં છેલ્લા 25 વર્ષથી આગવી નામના ધરાવનાર શ્રી રાજુભાઇ પટેલની અનોખી સુઝ, અથાગ પુરૂષાર્થ તથા સતત પ્રેરણાદાયી માર્ગદર્શનથી અનેક વ્યક્તિઓ છેલ્લા એક જ વર્ષમાં બેંક, વનવિભાગ, જેલસિપાઇ, જી.આઇ.ડી.સી., હાઇકોર્ટ કલાર્ક, બેલીફ, રક્ષાશક્તિ યુનિ.ની સ્પર્ધાત્મક પરિક્ષાઓમાં પ્રથમ હરોળમાં સ્થાન પ્રાપ્ત કરી સરકારી નોકરી પ્રાપ્ત કરી ચૂક્યા છે.

નોંધ : વન વિભાગની પરિક્ષામાં સમગ્ર ગુજરાતમાં મેરીટમાં પ્રથમ તથા દ્વિતિય બંને વિદ્યાર્થીઓ તથા રક્ષાશક્તિ યુનિ.માં મેરીટમાં સમગ્ર ગુજરાતમાં પ્રથમ તથા તૃતીય ક્રમ વિવેકાનંદ એકેડેમીના વિદ્યાર્થીઓએ પ્રાપ્ત કરેલ છે.

વિવેકાનંદ એકેડેમી — પ્રવેશ માટે સંપર્ક M.99256 98721
677, બીજે માળ, ઇન્કવાયરીની સામે, મેઇન શોપીંગ સેન્ટર, સેકટર-22, ગાંધીનગર.



ગાંધીનગરમાં ધૂમ મચાવી રહેલુ શહેરનું સર્વશ્રેષ્ઠ મનોરંજન !!

રાજમહેલ સર્કસ

રોજ 3 શો ૧-૪-૭ વાગે

વિદેશી કલાકારો ના હેરતભર્યા પ્રયોગો આપના પરિવાર સાથે જુઓ.

ગ્રુપ અને સ્કુલ બુકીંગ માટે સંપર્ક કરો
Mobile: 9016515361

ટીકીટ દર : ૨૦૦/-, ૧૫૦/-૧૦૦/-, ૫૦/- એડ. બુકીંગ : ૨૦૦/- નું સવારે ૯ થી સાંજે ૭

સ્થળઃ નવરાત્રી મેદાન, એસ.ટી.બસ સ્ટેન્ડ સામે, ગાંધીનગર